અપીલ અરજી નં.૪૧૫ તા.૨૫–૩–૦૯

અરજદારઃ શ્રી અર્પેશ અનિલકુમાર ઓઝા
સામાવાળાઃ ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી, અઠવાઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી અર્પેશ અનિલકુમાર ઓઝાની તા.૩–૩–૦૯ ની અરજીથી મોજે ,પીપલોદનાં રે.સર્વે નં.૬૮/૧ પૈકી ટી.નં.૬ ફા.પ્લોટ નં.૪૧માં (૧) સીટી જીમખાનાનો મંજુર પ્લાન (૨) પાયાના ફોર્મની કોપી (૩)ડેવલોપર્સનું નામ તથા (૪) એન.એ.ની વિગતો અંગે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૫–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૧૫ /૨૦૦૮–૦૯

શ્રી અર્પેશ અનિલકુમાર ઓઝાની તા.૩–૩–૦૯ ની અરજીથી મોજે ,પીપલોદનાં રે.સર્વે નં.૬૮/૧ પૈકી ટી.નં.૬ ફા.પ્લોટ નં.૪૧માં (૧) સીટી જીમખાનાનો મંજુર પ્લાન (૨) પાયાના ફોર્મની કોપી (૩)ડેવલોપર્સનું નામ તથા (૪) એન.એ.ની વિગતો અંગે માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી અઠવાઝોનના પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/આરટી.આઈ./આ.૬૦૬ તા.૨૧–૩–૦૯ થી આપેલ માહિતી માંગ્યા મુજબ આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫ –૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૬ તા.૩૧–૩–૦૯ થી ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી, અઠવાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તરફથી પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/આરટી.આઈ./આ.૮ તા.૨–૪–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જે અનુસાર જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તેમના પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/આરટી.આઈ./આ.૫૭૦ તા.૭–૩–૦૯ થી રૂા.૨૪૫૦/– ભરી માહિતી મેળવી લેવા જણાવેલ. જેના અનુસંધાને અરજદારે રસીદ નં.૩૨૩૬૦૩ તા.૧૬–૩–૦૯ થી નિયત દસ્તાવેજ ફી મંજુર પ્લાનની નકલ નંગ–૪ માટે ભરપાઈ કરતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તેમના તા.૨૧–૩–૦૯ ના પત્રથી સીટી જીમખાનાના મંજુર પ્લાનની ચાર નકલ આપેલ છે. જયારે મુદ્દા નં.૨ થી ૪ અનુક્રમે પાયાના ફોર્મની કોપી ડેવલપર્સનું નામ તથા એન.એ.ની વિગતો અંગે રેકર્ડ પર વિગતો ઉપલબ્ધ નહં હોવાનું જણાવેલ. જેની નકલ અત્રે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી રજૂ કરવામાં આવેલ છે.

આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતીના અધિકારની જોગવાઈ અનુસાર જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી આપવાની રહે છે. પ્રસ્તુત કિસ્સામાં જાહેર માહિતી અધિકારી ધ્વારા તેને અનુસરાયેલ જણાય છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૩–૩–૦૯ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં.૨ થી ૪ ની માહિતી રેકર્ડ ઉપલબ્ધ નહીં હોવાના કારણસર પૂરી પાડેલ નથી. પરંતુ મુદ્દા નં.૧ ની માહિતી પૂરી પાડેલ છે. જે ધ્યાને લઈ મુદ્દા નં.૨ થી ૪ અંગે લાગત દફતરનું ઈન્સ્પેકશન દિન–૭ માં અરજદારને પુરું પાડવા તથા તે પૈકી આ ત્રણ મુદ્દાને સ્પર્શતી કોઈ માહિતીની નકલ અરજદારને માલુમ પડે તો તેની નકલ કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને પૂરી પાડવા અને તેની જાણ અત્રે કરવા ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૪ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧ ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી ,અઠવા ઝોન ,.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અર્પેશ અનિલકુમાર ઓઝા,